# કોંગ્રેસે ગરીબી તો ન હટાવી પણ ગરીબોને હટાવ્યા : શાહ

## કેન્દ્રીય પ્રધાન શાહે કલોલ ખાતે ફ્લાય ઓવર બ્રીજ અને એપીએમસી ઓફિસ સહિત અનેક કાર્યોનું લોકાર્પણ

ગાંધીનગર, તા.૨૫
કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી બે દિવસીય ગુજરાત મુલાકાતે આવી પહોંચ્યા છે. અમિત શાહે ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે એક કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ દરમ્યાન અમિત શાહે કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા હતા તો સાથે જ સીએમ રૂપાણી અને નીતિન પટેલની પ્રશંસા પણ કરી હતી. અમિત શાહે કલોલ ખાતે વિકાસ કાર્યોનું લોકાર્પણ કર્યું હતું.




ગાધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે અમિત શાહે સભાનું સંબોધન કરતાં જણાવ્યું હતું કે, ગાંધીનગરમાં હું સંસદ સભ્ય તરીકે આવ્યું છું. ગાંધીનગર પહેલું કેરોસીન મુક્ત શહેર બન્યું છે. તો બીજી તરફ કોંગ્રેસે તેના શાસન દરમ્યાન ગરીબી હટાવવાના બદલે ગરીબો હટાવ્યા છે, જયારે મોદી સરકારે સાચા અર્થમાં ગરીબી હટાવવાની શરૂઆત કરી છે. અમિત શાહે ધનતેરસ અને દિવાળીની શુભેચ્છા આપીને પોતાનું સંબોધન શરૂ કર્યું હતું. શાહે પોતાના ભાષણમાં જણાવ્યું હતું કે, હું ગાંધીનગરમાં સંસદ સભ્ય તરીકે આવ્યો છું. ગાંધીનગર પહેલું કેરોસિન મુક્ત શહેર બન્યું છે. ગુજરાતમાં ઝૂંપડીને ધુમાડામાથી મુક્ત કરવાનું પીએમનું સ્વપ્ન હતું, જે હવે સાકાર થવા જઈ રહ્યું છે. પાંચ વર્ષમાં ૧૩ કરોડ લોકોને ગેસ સિલિન્ડર આપ્યા છે. રાજ્યમાં પાઈપલાઈનથી શુદ્ધ પાણી આપવાનો પીએમનો સંકલ્પ પણ પુરો થવા જઈ રહ્યો છે. સંસદ સભ્ય પોતાના વિસ્તારને ઠીક કરે તો દેશ ઠીક થઈ જાય છે. દેશભરના સંસદીય ક્ષેત્રમાં ગાંધીનગર ઉત્તમ ક્ષેત્ર છે. ગરીબીના નામે કોંગ્રેસે ગરીબોને હટાવ્યા સિવાય કંઈ કામ કર્યું નથી. તો વિશ્વને પ્લાસ્ટિક મુક્ત બનાવવામાં ભારતનું નેતૃત્વ હોવાની પણ તેમણે વાત કરી હતી અને લોકોને પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરી ખાસ કરીને મહિલાઓ અને બહેનોને પ્લાસ્ટિકની થેલીના બદલે કપડા કે કાગળની થેલી અપનાવવાનો અનુરોધ કર્યો હતો. અગાઉ અમિત શાહે કલોલમાં ફ્લાય ઓવર બ્રિજનું લોકાર્પણ કર્યું હતું. કલોલ-મહેસાણા બ્રીજને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે લોકો માટે ખુલ્લો મુક્યો હતો. અમિત શાહે બ્રીજ ખુલ્લો મૂકી ગાંધીનગરના લોકોને દિવાળીની ભેટ આપી હતી.



આ બ્રીજ રૂ. ૬૫ કરોડના ખર્ચે બનેલા નવા બ્રીજના લોકાર્પણને લઈ સ્થાનિકોમાં ખુશીની લાગણી પ્રવર્તી ગઈ હતી. શાહે કલોલ એપીએમસી ખાતે પણ ઓફિસ બિલ્ડિંગનું ખાતમુહૂર્ત કર્યું હતું. શાહ બે દિવસ માટે ગુજરાતમાં વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપવાના છે, ત્યારે બે દિવસમાં રૂ. ૧૩૭૮ કરોડના વિકાસના કાર્યોનું લોકાર્પણ કરશે. કાળી ચૌદશના દિવસે ૩૨ હજાર લોકોને વિકાસકાર્યોનો લાભ આપશે. આવતીકાલે પાલડી-વાસણા વચ્ચેના સવા કિલોમીટર લાંબા અંજલિ ફલાયઓવર બ્રીજનું પણ શાહ દ્વારા લોકાર્પણ થવાનું છે ત્યારે તેને લઈને પણ તૈયારીઓ કરાઈ છે.

# નગરજનોએ લક્ષ્મીપૂજન સાથે સોના-ચાંદી ખરીદી

## શહેરના ગોલ્ડ માર્કેટ માર્કેટમાં સવારથી જ ગ્રાહકોની ભીડ જામી : રાત્રિના પણ મોડે સુધી સોના ચાંદીના વિવિધ દાગીના ખરીદવા માટે ગ્રાહકો ઉત્સુક રહ્યા

ગાંધીનગર તા ૨૫
ધનતેરસના દિવસે પુષ્ય નક્ષત્રની જેમ ગોલ્ડ બજારમાં ભારે ભીડ જોવા મળી હતી. સુધી ઉત્સુક જોવા મળ્યા હતા. સોના ચાંદીના ભાવ વધારાની પણ કોઈ વિશેષ અસર જોવા મળી ન હતી. આજે ધનતરેસના પર્વ ઘરે ધન પુજન કરી ભાવિકો ધન્યતા અનુભવે છે. લક્ષ્મીજીની કૃપા પ્રાપ્ત કરવા માટે ભાવિકોએ આજે ઉત્સાહપુર્વક ધનપુજન કર્યુ હતુ. જો કે અગાઉના દિવસોથી જ આજે ખરીદી કરવાની સોના ચાંદીની વસ્તુઓનુ પણ મોટાભાગે બુકીંગ કરી દેવાયુ હતુ. શહેરના સે-૨૧, સે-૨૪ દિવસ અગાઉ પુષ્ય નક્ષત્રના દિવસે પણ ગોલ્ડ માર્કેટમાં ભારે ભીડ જોવા મળી હતી. આડા દિવસોમાં સોના ચાંદીના ભાવમાં અસહ્ય વધારાના



લક્ષ્મીપુજનની સાથે સોના ચાંદીની ખરીદી કરવાનો પણ વિશેષ ટ્રેન્ડ છે. ધનતેરસે ગોલ્ડ જવેલરી ખરીદવાની વાતને શુભશુકન પણ માનવામાં આવે છે. આજે ધનતેરસના દિવસે સવારથી જ નગરના ગોલ્ડ માર્કેટમાં વિશેષ ભીડ જોવા મળી હતી. જવેલરી શોપ્સમાં સોના ચાંદીની વિવિધ ચીજવસ્તુઓ ખરીદવા માટે ગ્રાહકો મોડી રાત દરમિયાન શહેરના ગોલ્ડ માર્કેટમાં ગ્રાહકોની ભીડ જોવા મળી હતી. પુષ્ય નક્ષત્રની સાથે ધનતેરસના દિવસે પણ સોના ચાંદીની વિશેષ ખરીદી કરવાનો ટ્રેન્ડ છે. સોના ચાંદીના બજારમાં આજે ગ્રાહકોની ભીડ રહેતા ગોલ્ડ માર્કેટમાં પણ તેજી રહી હતી. ધનતેરસના લક્ષ્મી પુજનનો વિશેષ મહીમા હોય છે. મહાલક્ષ્મીજીની કૃપા પ્રાપ્ત કરવા ઘરે જયારે આરોગ્ય અને તંદુરસ્તી માટે ધનવંતરી પુજન પણ કરવામાં આવ્યુ હતુ. બીજીતરફ ધનપુજન માટે શ્રેષ્ઠ ગણાતા આજના દિવસે સોના ચાંદીની ખરીદી કરવાની વાતને પણ શુકન માનવામાં આવે છે. શુભ શુકનના ભાવ સાથે ભાવિકો સોના ચાંદીની નાની મોટી વસ્તુ પણ ખરીદે છે. આજે નગરના સોની બજારમાં પણ સવારથી ભીડ ઉમટી પડી હતી. સહીત ઘ-૨ના શોપિંગ કોમ્પલેક્ષોમાં સ્થિત જવેલરી શોપ્સમાં સવારથી જ નાગરિકોની વિશેષ અવરજવર રહી હતી. સોનાનો ભાવ પણ આજે ૩૯ હજારની પાર રહ્યો હતો આમછતા ગોલ્ડ માર્કેટમાં સોના ચાંદીની ખરીદીમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. સોનાના વિવિધ દાગીના તેમજ ચાંદીના વાસણોની ખરીદી પણ વિશેષ પ્રમાણમાં થઈ હતી બે લીધે જવેલરી શો રૂમ ખાલી જોવા મળે છે. પરંતુ દિવાળીના તહેવારના દિવસોમાં ગોલ્ડ બજારમાં ગરમાવો જોવા મળ્યો હતો. તેમાંય ખાસ કરીને ધનતેરસના દિવસે પણ નગરજનોએ સોના ચાંદીની ખરીદી ઉપરાંત પ્લેટિનિયમ, જર્મન સિલ્વર સહીત મહીલાઓએ વિવિધ આર્ટીફિશીયલ જવેલરીની પણ વિશેષ ખરીદી કરી હતી.



દિવાળીની અસર તમામ ક્ષેત્રો પર જોવા મળી રહી છે. એસ.ટી. બસ સ્ટેન્ડ પર વતન જવા માટે મુસાફરોની ભારે ભીડ જોવા મળી હતી. મુસાફરોના ધસારાને પહોંચી વળવા માટે વધારાની ટ્રીપ ગોઠવવામાં આવી છે.

# ચિલોડા વિસ્તારમાં ખેડૂતો મગફળી ડાંગર-કપાસની કામગીરીમાં મશગૂલ

ચિલોડા, તા.૨૫
ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં ચિલોડા, ઈસનપુર મોટા, મગોડી, ગ્રામ્ય પંથકમાં ચાલુ પાકને વધુ નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો. ખેડૂતો પાક નુકસાનથી ચિંતાતુર બન્યા હતા. નવરાત્રી દિવાળી પર્વની ઉજવણી તલાટી કમ મંત્રીનો દાખલો સહિત નોંધણી પ્રક્રિયા હાથ ધરી હતી. આમ પાછોતર વરસાદની ઝાપટે ડાંગર-કપાસના પાકને નુકસાન થતાં



વર્ષે ખરીફ પાક તરીકે મગફળી, ડાંગ, કપાસનું સારા પ્રમાણમાં વાવેતર કરાયું છે ત્યારે વાવેતર બાદ અષાઢ-ભાદરવામાં પછોતર વરસાદ મન મુકી વરસતાં તૈયાર બાદ હવે ખેડૂતોએ મગફળીના વેચાણ માટે પોષણક્ષણ ભાવ મેળવવા ટેકાના ભાવે નોંધણી જરુરી ડોકયુમેન્ટ ૭/૧૨ની નકલ, ૮ અની નકલ કેન્સલ ચેક, બેંકની પાસબુક, ખેડૂતોની આર્થિક સ્થતિ કફોડી બનવા પામી હતી. મોં માં આવેલો કેળિયો ઝુંટવાઈ જાય તેવી સ્થિતિથી એક સાંધતા તેર તુટે તેવી હાલત થતાં ખેડૂતોની દિવાળીમાં ઉજાસને બદલે અંધકાર છવાઈ જવા પામ્યોછે. ડાંગરના પાકને વરસાદી ઝાપટે જમીનદોસ્ત થતાં પાકની ગુણવત્તા ઘટતાં પોષણક્ષમ ભાવ મળશે કે નહીં તે ખેડૂતોમાં ચિંતાનો પ્રશ્ન બન્યો છે. આમ લાભપાંચમ બાદ માર્કેટ યાર્ડમાં ખરીફ પાકોની આવક થવાથી બજારો ધમધમશે અને ખેડૂતો રાહ જોઈ રહ્યા છે.

# ડ્રગ્સના દુરૂપયોગ અને અનૈતિક વ્યાપાર સંદર્ભે શહેરમાં કાર્યક્રમ યોજાયો

શાળાઓ/કોલેજો મા ડ્રગ્સના દુરુપયોગ સામે પ્રશિક્ષણ મળી રહે અને વિદ્યાર્થિઓમા આ બાબતે સંવેદનશીલતા જાગૃત થાય તે હેતુથી અને તે માટેનો સંદેશ આમ જનતા સુધી પહોંચે તે સારૂ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગર હેઠળ માનદ્ સેવાઓ આપતા પારા લીગલ વોલ્યુન્ટીયરસ અનિલ કક્કડ, જીગીષા ઉપાધ્યાય અને દિનેશ દવેના સંયુક્ત પ્રયાસો થકી ૨૩-૧૦-૧૯ને આદિવાડા સરકારી પ્રાથમિક શાળા, સે-૨૮, આદિવાડા, ગાંધીનગર ખાતે એક શિબિરનુ આયોજન કરાવામા આવ્યુ હતુ. મીટીંગની શરૂઆતમા બન્ને પીએલવી જીગીષા ઉપાધ્યાય, દિનેશ દવેએ તેમના પ્રાસંગિક પ્રવચનોમા વિદ્યાર્થિઓને પોતાનુ જીવન વ્યસન મુક્ત રાખવા અને ડ્રગ્સની હેરાફેરી કરતા તત્વોથી સાવચેત રહેવા સમજાવી ડ્રગ્સના સેવનથી થતી આડ અસરો સમજાવી હતી.

પ્રવકતા અનિલ કક્કડે સારવારમા વપરાતી દવાઓ અને નશાકારક ડ્રગ્સ વચ્ચેનો તફાવત સમજાવી નશાકારક દવાઓ અને માદક દ્રવ્યો તરીકે ઓળખાતી આઈટેમોનુ લીસ્ટ રજુ કર્યુ હતુ. માણસ કઈ રીતના આ પ્રકારના ડ્રગ્સના વ્યસનોનો ભોગ બને છે તે સમજાવવા માટે આ પ્રકારના નશાકારક દવાઓ અને માદક દ્રવ્યોના શરૂઆતના સેવનથી થતા ફાયદાઓ અને પછીથી ઉદભવવા પામતી તેની આડ અસરો કઈ રીતના માણસને તેનો વ્યસની બનાવી દે છે અને પછીથી ગુલામ બનાવી દે છે તે સઘળી વિગતો વિદ્યાર્થીઓ સમક્ષ તેઓએ રજુ કરી હતી. નાર્કોટીક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક્સ સબસ્ટન્સ એક્ટ નામના કાયદાની પ્રારંભિક વિગતો આપી તેની સાથે સંકળાયેલા તત્વોથી કઈ રીતના સાવધ રહેવુ અને નાર્કોટીક ડ્રગ્સના વ્યસનથી માણસની કઈ રીતે આર્થિક, સામાજિક, કૌટુંબિક અને શારિરિક રીતે બરબાદી થાય છે.

# શહેરના ૧૫ પીએસઆઈને પીઆઈ તરીકે બઢતી

ગાંધીનગર, તા.૨૫
રાજય પોલીસ વડાએ ૧૯૫ જેટલા બિન હથીયારી પોલીસ સબ ઈન્સ્પેકટરોને પોલીસ ઈન્સ્પેકટર તરીકે બઢતી આપીને દિવાળીની ભેટ આપી છે.

આ બઢતીના લીસ્ટમાં ગાંધીનગર જિલ્લાના બે મહિલા પીએસઆઈ સહિત ૧૫ પોલીસ સબ ઈન્સ્પેકટરોનો સમાવેશ થાય છે. ગાંધીનગર જિલ્લામાં એક સાથે આટલી મોટીસંખ્યામાં પોલીસ સબ ઈન્સ્પેકટરોનું પ્રમોશન થવાથી જિલ્લામાં હવે પીએસઆઈની ઘટ પડશે તે નિશ્ચીત છે. પીએસઆઈના પ્રમોશનને પગલે નવા પીઆઈ જિલ્લામાં હવે પીઆઈની આંતરીક બલદીઓની શકયતા પણ નકારી શકાતી નથી. જેમાં પ્રમોશન મેળવેલ પીએસઆઈમાં વાય.જે.રાઠોડ, એસ.ડી.કાળાત, જે.કે.રાઠોડ, વી.બી.દેસાઈ, કે.એ.પટેલ, એ.જે.પટેલ, એ.જી.રાઠોડ, એચ.કે.સોલંકી, એ.એ.દેસાઈ, એસ.એચ.બુલન, ડી.ડી.ઝાલા, વી.એમ.દેસાઈ, પી.એચ.ભાટી, એસ.બી.પઢેરીયા, એસ.આર.બાવાનો સમાવેશ થાય છે.

## પૂર્વ મુખ્યમંત્રી દિલીપભાઈ પરીખને શ્રધ્ધા સુમન અર્પણ કરતાં ભુપેન્દ્રસિંહ ચુડાસમા

પૂર્વ મુખ્યમંત્રી દિલીપભાઈ પરીખનું નિધન થતા ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ રાજ્ય સરકાર વતી તેમના નિવાસસ્થાને જઈ ગાર્ડ ઓફ ઓનર સાથે શ્રધ્ધા સુમન અર્પણ કર્યા હતા. દિલીપભાઈ પરીખના અવસાનન નિમીત્તે ઊંડા દુખની લાગણી વ્યક્ત કરી હતી. આ દુઃખદ પ્રસંગે શ્રધ્ધાંજલી અર્પણ કરવા જીલ્લા કલેક્ટર ડો. વિક્રાંત પાડે, ભા.જ.પા. અગ્રણી ભરત પંડ્યા શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યમાં ક્યાર વાવાઝોડાને પગલે તંત્ર એલર્ટ

## દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં ઝાપટા પડશે : ધીમીગતિએ આગળ વધનાર સાયક્લોન વાવાઝોડું ૨૯ ઓક્ટોબરે દરિયાકિનારે અસર કરતું ઓમાન તરફ ફંટાશે

ગાંધીનગર, તા.૨૫
દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં આજે પણ વરસાદી માહોલ રહ્યો હતો. બીજી બાજુ સાયક્લોનિક તોફાનનું સંકટ પણ તોળાઈ રહ્યું છે. છેલ્લા છ કલાક દરમિયાન ૦.૪ કિલોમીટર પ્રતિકલાકની ઝડપથી ઉત્તર-ઉત્તરપૂર્વની દિશામાં અરેબિયન દરિયા પર આ વાવાઝોડુ સ્થિત થયું છે.

મહારાષ્ટ્રના રત્નાગીરીના પશ્ચિમે, મુંબઈથી ૩૪૦ કિલોમીટર દક્ષિણ-દક્ષિણ પશ્ચિમ અને ઓમાનથી ૧૮૮૦ કિલોમીટર પર્વ-દક્ષિણ પૂર્વે આ વાવાઝોડુ કેન્દ્રિત થયું છે. જે આગામી પાંચ દિવસ દરમિયાન ઓમાન દરિયાને પાર કરી શકે છે.

તીવ્ર વાવાઝોડું વધુ તીવ્ર બનીને આગળ વધવાના સંકેત છે જેના હેઠળ હળવો વરસાદ પડી શકે છે. ભારે વરસાદની કોઈ ચેતવણી તંત્ર તરફથી જારી કરાઈ નથી. હાલમાં અમદાવાદ સહિત રાજ્યમાં મિશ્ર સિઝન જોવા મળી રહી છે જે પૈકી રાત્રે ઠંડીનો અનુભવ થવા લાગી ગયો છે. દિવાળીમાં કમોસમી વરસાદને લઈ હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં છૂટાછવાયા વરસાદની આગાહી કરી છે. અરબી સમુદ્રમાં બનેલા સાયક્લોનના કારણે લો-પ્રેશર સીસ્ટમ સર્જાતા દક્ષિણ અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છમાં વરસાદી ઝાપટા પડવાની આગાહી કરવામાં આવી છે. જેની સૌથી વધુ અસર વલસાડ, નવસારી, દમણ, દાદરાનગર હવેલીમાં જોવા મળશે. હવામાન વિભાગની કમોસમી વરસાદની આગાહીને પગલે ફરી એકવાર ખેડૂતોમાં પાકની નુકસાની અને હાલાકીને લઈ ભારે ચિંતા પ્રસરી છે. હવામાન વિભાગની આગાહીના પગલે દરિયા કિનારાના વિસ્તારો અને ખાસ કરીને દ્વારકા, પોરબંદરમાં માછીમારોને ચાર દિવસ દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.અરબી સમુદ્રમાં સર્જાયેલું ડિપ ડિપ્રેશન આગામી ૧૨ કલાકમાં વાવાઝોડામાં પરિવર્તિત થાય તેવી વકી છે. દક્ષિણ-પશ્ચિમ મુંબઈથી ૪૯૨ કિમી દૂર સમુદ્રમાં ડિપ ડિપ્રેશન સક્રિય થયું છે.

પહેલા તા.૨૯ ઓક્ટોબર સુધી સાયક્લોન ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોને અસર કરતું કચ્છમાં પ્રવેશવાનું હતું અને ત્યારબાદ પાકિસ્તાન તરફ જવાનું હતું. જો કે, હવે આ વાવાઝોડું ઓમાન તરફ ફંટાઈ રહ્યું છે. જેથી તેની અસરના ભાગરૂપે ગુજરાત રાજ્યમાં છુટા છવાયો વરસાદ પડે તેવી સંભાવના છે. ગુજરાતમાં ક્યાર વાવાઝોડાને લઈને તંત્ર સંપૂર્ણપણે સાબદુ થઈ ગયું છે. ચક્રવાતના પરિણામ સ્વરુપે માછીમારોને લઈને દરિયામાં નહીં જવા માટે કહેવામાં આવ્યું છે.

ગુજરાતના તમામ બંદર પર એક નંબરનું સિગ્નલ મુકી દેવામાં આવ્યું છે. ચક્રવાતના પરિણામ સ્વરુપે ગુજરાતના સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં માછીમારોને ચેતવણી અપાઈ છે. કેટલીક જગ્યાએ ધૂળ ભરેલી આંધી અને કેટલીક જગ્યાએ આંધી ચાલી શકે છે.


**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
'ગુજરાત સરકારનું સાહસ'
**જાહેર નિવિદા નંબર-૨ સને. ૨૦૧૯-૨૦**

અધિક્ષક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય વર્તુષ પ્રથમ માળ, જલ ભવન, નવા સર્કીટ હાઉસ પાસે, બાયપાસ રોડ, હિંમતનગર મોબાઈલ નં. ૯૯૭૮૪૦૬૭૪૦ દ્વારા નીચેના કામ માટે ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે.

| અ નં. | કામની વિગત | અંદાજીત કિંમત રૂ. લાખમાં | કોન્ટ્રાક્ટ માટેની પાત્રતા | ટેન્ડર આઈડીનં. | ભાવો ભરવાની છેલ્લી તા. |
|---|---|---|---|---|---|
| ૧ | ફલાસણ ઉમેદપુરા જુથ પાણી પુરવઠા યોજનાની કોન્ટ્રાક્ટ પદ્ધતિથી મરામત અને નિભાવણી ની ૨૪ માસ માટેની કામગીરી | ૬૪.૭૯ | 'ડી' ક્લાસ અને ઉપરના | ૩૮૨૦૫૭ | ૧૫/૧૧/૧૯ |
| ૨ | ઈડર વડાલી અને ખેડબ્રહ્મા શહેરી પાણી પુરવઠા યોજના ધરોઈ ડેમ આધારિતની કોન્ટ્રાક્ટ પદ્ધતિથી મરામત અને નિભાવણીની ૨૪ માસ માટેની કામગીરી | ૭૪.૪૫ | 'ડી' ક્લાસ અને ઉપરના | ૩૮૨૦૫૦ | ૧૫/૧૧/૧૯ |

એક અથવા તમામ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા સિવાય રદ કરવાનો અબાધિત અધિકાર ગુજરાત પાણી પુરવઠા બોર્ડના સક્ષમ અધિકારને રહેશે. ટેન્ડર અંગેની વધુ માહિતી વેબ www.gwssb.nprocure.com તથા www.gwssb.gujarat.gov.in ઉપર મૂકવામાં આવેલ છે. ગ્રામ્ય પા.પુ. યોજનામાં પીવાના પાણીની સમસ્યા અર્થે ટોલ ફ્રી નં. ૧૯૧૬ ઉપર સંપર્ક કરવો. હવે પછીનો કોઈપણ સુધારો હશે તો ફક્ત વેબસાઈટ પર જોવા મળશે.

નામાનિ/હિંમત/૨૮૨/૧૯